**-:: FORM NO. A ::-**

# મે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,
# મુ. અમદાવાદ.

**( જજમેન્ટ તારીખ : ૦૮/૧૨/૨૦૨૩. )**

**(ક્રિમીનલ કેસ નં. ૪૫૭૩૮ / ૨૦૨૩.)**

**શાહીબાગ પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૧૯૧૦૩૧૨૩૦૦૯૦/ ૨૦૨૩.**

**આંક–૦૭**

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | : | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી– જીગર સ/ઓ સુરેશભાઈ સોલંકી) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી** | : | શ્રી એમ.એસ.સેંન્દર |
| **આરોપીઓ** | : | કરણ સિંગ સ/ઓ સર્વેશસીંગ તોમર, ઉ.વ.૨૦,<br>રહે., ગલી નં.૧, પરીહારનગર, ભગવતી સ્કુલ પાસે, મેઘાણીનગર, અમદાવાદ. મુળ વતન– ઉત્તરપ્રદેશ. |
| **આરોપીઓ પક્ષે વિ.વકીલ** | : | કોઈ હાજર નથી. |

**-:: FORM NO. B ::-**

| | | |
|---|---|---|
| બનાવની તારીખ | : | ૧૩/૦૨/૨૦૨૩ |
| એફ.આઈ.આર. તારીખ | : | ૧૪/૦૨/૨૦૨૩ |
| ચાર્જશીટ કર્યા તારીખ | : | ૧૯/૦૫/૨૦૨૩ |

| | | |
|---|---|---|
| ચાર્જ ફ્રેમ કર્યા તારીખ | : | ૦૫/૧૦/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | : | ૦૫/૧૨/૨૦૨૩ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | : | ૦૮/૧૨/૨૦૨૩ |
| જજમેન્ટ તારીખ | : | ૦૮/૧૨/૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | : | – |

**-:: FORM NO. C ::-**

**ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.**

| ક્રમ | નામ | પુરાવો આપનાર |
|---|---|---|
| PW 1 | જીગર સ/ઓ સુરેશભાઈ સોલંકી | ફરીયાદી સાહેદ |

**ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.**

| અ.નં. | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદ |
| ૨ | ૦૬ | કલોઝીંગ પુરસીસ |

**આ કામે નીચે મુજબનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે.**

| અ.નં. | કબજે લીધેલ મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| ૧ | સીરીયલ નં.૧ એકટીવા | એક કાળા કલરની હોન્ડા એકટીવા જેની આગળ પાછળ આર.ટી.ઓ.નંબર પ્લેટ લગાવેલ નથી. જેનો એન્જીન નં. JF50W0039474 તથા ચેસીસ નં .ME4JF50AEKW039424 નો લખેલ વંચાય છે. જેની કિં.રૂા.૪૦,૦૦૦/– ગણી શકાય છે. |

(૦૧) <u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>

આરોપીએ ગઈ તા.૧૩/૦૨/૨૦૨૩ ના કલાક ૨૦/૦૦ વાગ્યાથી ૨૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાનમાં ચામુંડા બ્રીજ બાજુમાં આવેલ ગાર્ડનના ગેટની આગળ જાહેર રસ્તામાંથી એક હોન્ડા એકટીવા ૫–જી જેનો આર.ટી.ઓ. નં. GJ-01-US-2043 નો છે. તેઓ ચેસીસ નં. ME4JF50AEKW039424 તથા એન્જીન નં. JF50W0039474 નો છે જે એકટીવાની હાલની કિં.રૂા.૩૦,૦૦૦/– ની ગણી શકાય તે ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન ઉપરોકત એકટીવા રીકવર થઈ પકડાઈ જઈ ગુનો કરેલો. તે મુજબ ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શાહીબાગ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૩૦૦૯૦/૨૦૨૩ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરાવો જણાતાં આરોપીને અટક કરી, આરોપી સામે ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૦૨) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને તે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ, આરોપી વિરૂઘ્ધ આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે. ત્યારબાદ, સદર કામના આરોપી કેસની કાર્યવાહી દરમ્યાન હાજર ન રહેતાં હોય તેઓને ચાર્જશીટમાં જણાવેલ સરનામે સમન્સ તથા વોરન્ટની બજવણી કરવા છતાં પણ તેઓ હાજર રહેલા નથી. આમ, આરોપીને તેઓના જણાવેલા સરનામે સમન્સ પ્રોસેસ કરવામાં આવેલ હોવાછતાં પણ તેઓ ના. કોર્ટમાં હાજર રહેલા નથી. આમ કેસના સંજોગો અને હકીકતો ઘ્યાને લેતાં આરોપી સામે તેઓની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ મુજબ કાર્યવાહી કરી કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૦૩) ફરીયાદપક્ષે આંક–૦૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરતાં આરોપી વિરૂઘ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોઈ ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીએ પોતે જાતે કોઈ જુબાની આપેલ

નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૦૪) **<u>અત્રેની ફરીયાદની હકીકતો, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં અત્રેના કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.</u>**

૧) શું ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૩/૦૨/૨૦૨૩ ના કલાક ૨૦/૦૦ વાગ્યાથી ૨૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાનમાં ચામુંડા બ્રીજ બાજુમાં આવેલ ગાર્ડનના ગેટની આગળ જાહેર રસ્તામાંથી એક હોન્ડા એકટીવા ૫–જી જેનો આર.ટી.ઓ. નં. GJ-01-US-2043 નો છે. તેઓ ચેસીસ નં. ME4JF50AEKW039424 તથા એન્જીન નં. JF50W0039474 નો છે જે એકટીવાની હાલની કિં.રૂા.૩૦,૦૦૦/– ની ગણી શકાય તે ચોરી કરી લઈ જઈ પકડાઈ જઈ, ઈ.પી.કો. કલમ ૩૭૯ ના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

૨) શું હુકમ ?

(૦૫) **<u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>**

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૦૬) **<u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>**

**<u>:: કારણો ::</u>**

**<u>મુદ્દા નંબર : ૧</u>**

(૦૭) ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા ફરીયાદી જીગર સુરેશભાઈ સોલંકી નાઓને આંક–૦૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ જણાવેલું છે કે, તેઓ રેડીમેડમાં પ્રાઈવેટ નોકરી કરે છે. તેઓનું હોન્ડા એકટીવા જેનો નં. જી.જે.૧.યુ.એસ.૨૦૪૩ નુ છે. જેનો ઉપયોગ તેઓ નોકરીએ આવવા જવા માટે કરતા હતા. તા.૧૩/૨/૨૦૦૩ ના રોજ રાત્રીના ૮ વાગ્યાની આસપાસ તેઓ ચામુંડા બ્રીજ પાસે સફલ–૫ મા તેઓનું એકટીવા મુકીને કામ અર્થે ગયેલ. મોડી રાત્રે ૯ વાગે તેઓનું એકટીવા લેવા આવેલ તો તે જણાઈ આવેલ નહિ. જેથી આસપાસ શોધખોળ કરતા ન મળી આવતા પોલીસ ફરિયાદ આપેલી, તેમ જણાવી રજુ થયેલ આંક–૦૫ ની ફરીયાદ ઉપર પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે આરોપી કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકે નહિ. તેઓને મુદ્દામાલ પરત મળી ગયેલ છે. આ કેસ તેઓ આગળ ચલાવવા માંગતા નથી. કેસનું રેકર્ડ ધ્યાને લેતાં બચાવપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૦૮) આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પ્રસ્તૂત પુરાવાનું મુલ્યાંકન કરતાં, ફરીયાદીની જુબાનીથી બનાવવાળા સ્થળેથી તેઓની એકટીવા કોઈ ચોરી ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ ફરીયાદીના પુરાવાથી સદર કામના આરોપી ધ્વારા તેઓની એકટીવાની ચોરી કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. ઉલ્ટાનું ફરીયાદીની ફરીયાદના અનુસંધાને તપાસના કામે તપાસ કરનાર અમલદારે કોઈ ઈસમોને પોલીસે પકડેલ હોય કે અન્ય કોઈ કાર્યવાહી તેઓની હાજરીમાં કરેલ હોય તેવું બનેલ નથી કે તપાસ કરનાર અમલદારે ફરીયાદી ધ્વારા આરોપીની કોઈ ઓળખપરેડ કરાવેલ હોય તેવું પણ બનેલ નથી. આથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો એટલો બળવાન નથી કે જેના પર આધાર રાખી આરોપીને તકશીરવાન ઠરાવી શકાય. વધુમાં ફરીયાદીના પુરાવા મુજબ તેઓને કેસ ચલાવવો નથી અને વધુ પુરાવો આપવો નથી તથા તેઓ આરોપીને ઓળખી શકે નહી અને તેઓની એકટીવા કોણે ચોરેલ તેની તેઓને ખબર ન હોવાની હકીકત જણાવેલી છે.

(૦૯) અત્રે ઉલ્લેખનીય છે કે, ચોરીના કિસ્સામાં સીધો પુરાવો મળી શકે નહી પરંતુ ચોરીના કેસો સાંયોગિક પુરાવાથી પુરવાર કરવાના રહે છે, જે સાંયોગિક પુરાવા હાલના કામે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપી વિરૂધ્ધ કોઈપણ પ્રકારે સાંયોગિક પુરાવો રેકર્ડ ઉપર

આવેલ ન હોય આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સંપુર્ણ રીતે નિષ્ફળ ગયેલ છે.

(૧૦) વધુમાં સદર કામે આરોપીને પ્રોસેસ કાઢવા છતાં તેની બજવણી થતી નથી કે તેઓ મળી આવતાં નથી અને આમ સદરહુ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેઓની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી તમામ સંજોગો ધ્યાનમાં લઈ ક્રિમી. પ્રોસી. કોડની કલમ ૨૯૯(૧) અન્વયે આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં સદર કામે આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી કે આરોપીની સામે પણ કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે તેઓને તકસીરવાન ઠરાવી શકાય. આમ જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે ફકત આરોપીની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## '' આ ખ રી હુ ક મ ''

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપી : કરણસિંગ સ/ઓ સર્વેશસીંગ તોમર, ઉ.વ.૨૦, રહે., ગલી નં.૧, પરીહારનગર, ભગવતી સ્કુલ પાસે, મેઘાણીનગર, અમદાવાદ. મુળ વતન– ઉત્તરપ્રદેશ નાઓને ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/– ના જાતમુચરકા અને જામીનખત રજુ કરવા.

(૩) સદર કામે કબજે થયેલ મુદ્દામાલ સંબંધે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અન્યથા માલિકની ખરાઈ કરી પરત કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૮ માહે ડીસેમ્બર સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ : ૦૮–૧૨–૨૦૨૩.
અમદાવાદ.

**( એચ. એસ. દવે )**
**ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ.**
**(જીજે–૦૦૬૯૩)**